# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.પાલનપુર

બનાસ/ટ્રેકટર ચાફકટર યોજના/૧૩૩૦ તા.૨૭/૦૫/૨૦૧૬

## પરિપત્ર

આથી જિલ્લાની દૂધ ભરતી તમામ દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, દૂધ મંડળીઓના કાયમી/નિયમિત દૂધ ભરાવતા સભાસદો/ગ્રાહકો માટે દૂધ સંઘના ચેરમેનશ્રી તથા નિયામક મંડળના સભ્યશ્રીઓએ તા.૨૫/૦૪/૨૦૧૬ ની મિટીંગમાં ચર્ચા વિચારણા કરી **"દૂધ ઉત્પાદકો માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના"** અમલમાં મુકેલ છે. કેટલાક દૂધ ઉત્પાદકો મોટી સંખ્યામાં દુધાળાં જાનવરો રાખે છે જેઓ ટ્રેકટરથી ચાલતા મોટા ચાફકટર વસાવી સહાય મેળવવા ઈચ્છા ધરાવે છે આવા મોટા દૂધ ઉત્પાદકોની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈ મોટા દૂધ ઉત્પાદકો ટ્રેકટરથી ચાલતાં ચાફકટર વસાવી શકે તેવા શુભ આશયથી નીચે મુજબની શરતો અને નિયમો મુજબ "ટ્રેકટરથી ચાલતા ચાફકટર" માં તા.૩૧/૦૫/૨૦૧૮ સુધી સહાય આપવાનું સંઘે નકકી કરેલ છે.

**યોજનાની શરતો અને નિયમો :–**

(૧) સહાય મેળવવા અરજી કરનાર અરજદાર દૂધ મંડળીનો કાયમી અને નિયમિત દૂધ ભરાવતો સભાસદ/ગ્રાહક હોવો જોઈએ.

(૨) અરજદારે પાછલા વર્ષમાં નિયમિત દૂધ ભરાવેલ હોવું જોઈએ અને ચાલુ વર્ષ દરમ્યાન દૂધ ભરાવતો કાયમી ગ્રાહક હોવો જોઈએ. આ માટે અરજદારે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરૂરી કરારખત મંડળીને કરી આપવાનું રહેશે.

(૩) અરજદાર પાસે ૧૫ કે તેથી વધુ પશુઓ હોવાં જોઈએ.

(૪) અરજદારના નામે ટ્રેકટર હોવું જોઈએ.

(૫) આ યોજના હેઠળ ચાફકટરમાં સહાય મેળવવા ઈચ્છતા સભાસદે આ સાથે સામેલ નમુના મુજબની અરજી દૂધ મંડળી મારફત સંઘમાં મોકલવાની રહેશે. દૂધ મંડળીએ ગુણદોષ જોઈ જરૂરી ભલામણ કરવાની રહેશે.

(૬) અરજદારે ચાફકટરની ખરીદી કર્યા બાદ ચાફકટર ખરીદીનું બીલ અરજી સાથે સંઘમાં રજુ કરવાનું રહેશે.

(૭) સહાય મેળવેલ ચાફકટર સંઘની પૂર્વ મંજુરી સિવાય–૭(સાત) વર્ષ સુધી વેચાણ કરી શકાશે નહીં. આ યોજના હેઠળ જે દૂધ ઉત્પાદકે સહાય મેળવેલ હશે અને તેનો દુરુપયોગ થયેલ અથવા યોજનાની શરતોનું ઉલ્લંઘન થયેલ જણાશે તો ચુકવાયેલ સહાય વિના નોટીસે મંડળીના દૂધ બીલેથી કપાત કરી લેવામાં આવશે.

(૮) ચાફકટર માટે વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/– (વીસ હજાર પુરા) ની મર્યાદામાં સહાય ચુકવવામાં આવશે.

(૯) દૂધ ભરાવતા સભાસદને હવે પછી કોઈ એક જ પ્રકારના એક જ પાવર ઓપરેટેડ ચાફકટરની ખરીદીમાં સહાય મળી શકશે.

(૧૦) દૂધ મંડળીએ પ્રથમ વખત અરજીઓ મોકલતી વખતે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર મંડળીનું જરૂરી કરારખત અરજીઓ સાથે સંઘમાં મોકલવાનું રહેશે.

(૧૧) સહાયની ચુકવવા પાત્ર રકમ દૂધ મંડળીના દૂધ બીલે ચુકવવામાં આવશે જે દૂધ મંડળીએ અરજદારશ્રીને ચુકવી આપવાની રહેશે.

(૧૨) આ યોજનાની શરતો અને નિયમોના અર્થઘટનમાં,અમલીકરણમાં તેમજ સહાય ચુકવવા અંગે કોઈપણ જાતનો વિવાદ ઉભો થશે તો સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

**મેનેજીંગ ડિરેકટર**

# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.પાલનપુર

સી.ડી.એસ./સંઘ સહાય/૧૫૩૬ તા.૧૧/૦૬/૨૦૧૮

**પરિપત્ર**

સહર્ષ જિલ્લાની દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, દૂધ મંડળીઓના વિકાસ થકી દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષ અંગેની અનેકવિધ યોજનાઓ દૂધ સંઘે અમલમાં મુકેલ છે. સદર યોજનાઓનો હજુ સુધી જોઈએ તેટલો દૂધ મંડળીઓ/સભાસદોએ લાભ મેળવેલ નથી તો જે સભાસદો અને દૂધ મંડળીઓ લાભથી વંચીત રહી ગયેલ છે તેમના માટે સંઘની તમામ સહાય યોજનાઓની **મુદત તા.૩૧/૦૫/૨૦૨૩** સુધી લંબાવવાનું સંઘના નિયામક મંડળની તા.૧૬/૫/૨૦૧૮ ની મિટીંગમાં નિર્ણય લીધેલ છે. તમામ યોજનાઓ અંગે સંઘે અગાઉ કરેલ પરિપત્રો, શરતો અને નિયમોના આધારે ચાલુ રાખવામાં આવેલ છે.

(૧) ઈલેકટ્રીક ચાફકટર સહાય યોજના
(૨) પાકી ગમાણ સહાય યોજના
(૩) લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય યોજના
(૪) એ.આઈ.ટ્રેવીસ(ઘોડી)સહાય યોજના
(૫) દૂધઘર સહાય યોજના
(૬) દૂધઘર લોન/એડવાન્સ યોજના
(૭) મિલ્કીંગ મશીન સહાય યોજના
(૮) એનીમલ કુલીંગ સહાય યોજના
(૯) દૂધ મંડળી/સભાસદ માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના
(૧૦) શૌચાલય સહાય યોજના
(૧૧) વિધવા બહેનોના બાળકોને શિક્ષણ સહાય યોજના
(૧૨) બેટી બચાવો અને કુપોષણ હટાવો અંતર્ગત ઘી સહાય યોજના.

તો ઉપરોકત યોજનાઓને **તા.૩૧/૦૫/૨૦૨૩** સુધી લંબાવેલ હોઈ દૂધ મંડળીઓ અને તેના સભાસદો વધુમાં વધુ લાભ મેળવે તે માટે બહોળી પ્રસિધ્ધિ કરી સંઘે નિયત કરેલ નમુનામાં સહાય યોજનાઓની અરજીઓ મોકલી આપવાનું રાખવું.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

**નકલ સવિનય રવાના :-**

માનનીયશ્રી ચેરમેન સાહેબ તથા બોર્ડ ડીરેકટરશ્રીઓ તરફ.....જાણ સારૂ.

**નકલ રવાના :-**

(૧) જિલ્લાની તમામ દૂધ મંડળીઓ તરફ.....
(૨) તમામ ક્ષેત્રગામી કર્મચારીશ્રીઓ/સી.ડી.એસ.સ્ટાફ તરફ.....
(૩) તમામ વિભાગીય અધિકારીશ્રીઓ/ઝોનલ અધિકારીશ્રીઓ/ઝોનલ અધિકારીશ્રીઓ(સી.ડી.એસ.)તરફ.....
(૪) ફાઈલે.

# સંઘ દ્વારા આપવામાં આવતી પશુપાલન સહાય મેળવવા માટેનું અરજીપત્રક

તારીખ :....../....../૨૦......

**પ્રતિશ્રી**
**મેનેજિંગ ડિરેક્ટર સાહેબ,**
**બનાસડેરી, પાલનપુર.**

**વિષય : સંઘની પશુપાલન સહાય મેળવવા બાબત.**

| ક્રમ | સહાયનું નામ | જે સહાય મેળવવા માંગતા હોય તેની સામે √ ની નિશાની કરવી | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મીલ્કીંગ મશીન | | ૧–બકેટ હરતુ ફરતુ | | ૨–બકેટ ફીકસ | | ૪–બકેટ ફીકસ |
| ૨ | એનીમલ કુલીંગ સીસ્ટમ | | | | | | |
| ૩ | ઈલેકટ્રીક ચાફકટર | | | | | | |
| ૪ | ટ્રેકટર ઓપરેટડ ચાફકટર (દૂધમંડળી માટે) | | | | | | |
| ૫ | ટ્રેકટર ઓપરેટડ ચાફકટર (રૂા.૨૦,૦૦૦/– સભાસદ સહાય માટે) | | | | | | |
| ૬ | ગમાણ સહાય | | પાકી ગમાણ | | લોખંડની ગમાણ | | |
| | | અગાઉ બનાવેલ ગમાણની સંખ્યા | | | પુરવણી ગમાણની સંખ્યા | | |

મે. સાહેબ,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, **"સંઘની પશુપાલન સહાય યોજના"** નો લાભ લેવા માટે અમો અરજી કરીએ છીએ. અમોએ સંઘની જે તે સહાય માટેનો પરિપત્ર વાંચેલ છે જેમાં જણાવેલ શરતો અને નિયમો મને બંધનકર્તા છે. સંઘ તરફથી મળતી સહાયની કુલ કિંમતમાંથી સહાયની રકમ બાદ ગણી બાકીની રકમ અમારી દૂધમંડળીમાં ભરપાઈ કરવા હું બાંહેધરી આપુ છું તથા નિયમ મુજબ મળતી સહાયની રકમ અમારી દૂધ મંડળી મારફત/બેંક ખાતામાં મને ચુકવી આપવા વિનંતી છે. યોજનાની શરતો અને નિયમોનું ભવિષ્યમાં કોઈ જ ઉલ્લંઘન થયેલ જણાય તો મને મળેલ સહાયની રકમ અમારી દૂધ મંડળીમાં ભરપાઈ કરવા આથી હું બાંહેધરી આપું છું.

**અરજદારની વિગત :**

(૧) મંડળી નું નામ :.................................................. કોડ નંબર :........... તાલુકો :................

(૨) અરજદારનું નામ :..........................................................................................

(૩) અરજદારનો આધારકાર્ડ નંબર : ☐☐☐☐ ☐☐☐☐ ☐☐☐☐

(૪) અરજદારનો રેશન કાર્ડ નંબર : ☐☐☐☐☐ ☐☐☐☐☐ ☐☐☐☐☐

(૫) હયાત પાકા (ધાબા / પતરાવાળા) શેડનું માપ : ફૂટમાં લંબાઈ........... પહોળાઈ.......... ઉંચાઈ...........

(૬) શેડમાં પાકી ગમાણ છે ? હા/ના

(૭) શેડમાં વીજળીની વ્યવસ્થા છે ? હા/ના

(૮) દૈનિક દૂધ (લીટરમાં) : .......................... (દૂધની દૈનિક સવાર–સાંજની પાવતી જોડવી)

(૯) ગત વર્ષનું કુલ દૂધ(લીટરમાં) :........................ (વાર્ષિક દૂધની પાવતી જોડવી)

(૧૦) અરજદારના બેંક ખાતાની વિગત,બેંક પાસબુક/કેન્સલ ચેકની ઝેરોક્ષ નકલ જોડવી (**માત્ર ગમાણ સહાય માટે**)

| | | | |
|---|---|---|---|
| બેંકનુ નામ | | બેંકની શાખા | |
| બેંકનો ખાતા નંબર | | બેંકનો IFSC કોડ | |

**અરજદારની સહી** ....................................

નામ :.......................................................

સરનામું :..................................................

મોબાઈલ નં. :.............................................

**દૂધ મંડળીની ભલામણ**

અમારી મંડળીના સભાસદ/દૂધ ગ્રાહકશ્રી........................................................................ પાસે હાલમાં ......... દૂધાળા પશુઓ છે અને બનાસડેરીની ......................................સહાય યોજના હેઠળ અમારી મંડળીના કાયમી અને નિયમિત દૂધ ભરાવે છે માટે સહાય મેળવવા માગણી કરેલ છે જે તેઓશ્રીને ફાળવી આપવા ભલામણ છે. સહાયની સિવાયની રકમ અમારી દૂધમંડળીના દૂધબીલેથી કપાત કરવા અથવા સહાયની રકમ ગ્રાહકના બેંક ખાતામાં જમા કરવાની સત્તા સંઘને આપવામાં આવે છે. યોજનાની શરતો અને નિયમો પાળવા તેઓ સંમત છે. યોજનાની શરતો અને નિયમોનું ભવિષ્યમાં કોઈ જ ઉલ્લંઘન થયેલ જણાય તો તેઓને ચુકવેલ સહાયની રકમ અમારી દૂધમંડળીના દૂધબીલેથી કપાત કરવાની સત્તા બનાસડેરીને આપવામાં આવે છે જે બાબતે અમારો કોઈ વાંધો/વિરોધ/તકરાર રહેશે નહિ.

મંડળીનો
ગોળ સિકકો

**ચેરમેન** **મંત્રી**

ઘી ......................... દૂધ ઉત્પા. સહ. મં.લી.

મુ................... તાલુકો.................

કોડ નંબર..............રૂટ નંબર............

મોબાઈલ નં.....................................

**બનાસડેરીના લગત અધિકારીએ ભરવાની વિગત :–**

ઉપરોકત અરજી કરનાર અરજદારશ્રીના ફાર્મ–સ્થળ ઊપર તપાસણી /ચકાસણી કરતાં ઉકત અરજદારશ્રી સંઘ સહાયની યોજનાની શરતો અને નિયમો તળે આપવાપાત્ર થાય છે/નથી તો તેમને આ યોજનાનો લાભ આપવા ભલામણ છે/નથી. અરજદારશ્રી સહાય મેળવવાને પાત્ર હોઈ તો ...................................સહાય ચુકવી આપવા ભલામણ છે / નથી.

| મંજુર કરેલ ગમાણનુ માપ લખવુ :– |
|---|
| **લંબાઈ(ફૂટમાં)** ...................... |
| **પહોળાઈ(ફૂટમાં)**...................... |
| **ઉંચાઈ(ફૂટમાં)** ...................... |
| **ઉંડાઈ(ફૂટમાં)** ...................... |

**મંજુર/નામંજુર**

**લગત અધિકારીની સહી**................................

**નામ :**..........................................................

**હોદ્દો :**...............................

**વિભાગ :**.........................**તા :**......./......./**૨૦**......